# લોકમાન્ય તિલક

લોકમાન્ય ટિળક આપણા દેશના મહાન નેતા હતા.એ વખતે આપણા દેશ પર અંગ્રેજોનું શાસન હતું. આપણો દેશ ગુલામ હતો. આઝાદી શું કહેવાય તે કોઈ સમજતું ન હતું. વિશ્વમાં અંગ્રેજોનો સૂર્ય **મધ્યાહ્ને** તપતો હતો. આવી વજ્રથીયે મજબૂત ગોરી સરકાર સામે સિંહસમાન ટિળકે ગર્જના કરી : 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે, તે હું મેળવીને જ જંપીશ.' એમના આ મંત્રથી ત્રીસ કરોડ હિન્દવાસીઓને આઝાદીનો જંગ જીતવા બળ મળ્યું. એમણે જોયું કે લોકોમાં દેશભાવના નથી, એકતા નથી, હતાશાથી જીવન જીવી **રહ્યાં** છે. આથી એમણે ગણેશ ઉત્સવની શરૂઆત કરાવી. લોકોમાં એકતા અને સંગઠનની ભાવના જગાડી. આ પછી એમણે પ્રવચનો અને લખાણો દ્વારા લોકોમાં રાષ્ટ્રભાવના જગાડી.

એમનો જન્મ મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લામાં આવેલા ચિખલગામમાં થયો હતો. એ દિવસ હતો સને ૧૮૫૬ના જુલાઈની ૨૩મી તારીખ, પિતાનું નામ હતું ગંગાધર રામચંદ્ર, માતાનું નામ હતું પાર્વતીબાઈ. એમનું મૂળ નામ હતું કેશવ. લોકો એમને બાળ કહીને બોલાવતા.

બે બહેનો વચ્ચે બાળ લાડકો ભાઈ હતો. એને રમાડવા બંને બહેનો હરીફાઈ કરતી. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' આ સૂત્રને ધ્યાનમાં લઈ દાદા રામચંદ્ર બાળનું ઘડતર કરતા હતા. એમને રામાયણ અને મહાભારતની વાતો કહેતા હતા. દાદાને સંસ્કૃત ઉપર ભારે પ્રેમ. આથી તેઓ બાળને સંસ્કૃત શ્લોકો મોઢે કરાવતા. દાદા નિયમિત ત્રિકાળ **સંધ્યા** કરે. પૂજાપાઠ કરે. બાળ દાદાની પાસે બેસી એમનું અનુકરણ કરે.

ટિળક દસ વરસના થયા ત્યારે એમના પિતાની બદલી **પૂણે** થઈ. એમના પિતા વ્યવસાયે શિક્ષક હતા. **પૂણે** એ વખતે વિદ્યાનું ધામ હતું. અંગ્રેજી **માધ્યમની** શાળાઓ હતી. આમ છતાં તેમને પ્રાથમિક **શિક્ષણ** માતૃભાષા મરાઠીમાં આપવામાં આવ્યું.

બાળ એક દિવસ નિશાળેથી આવ્યા. આ વખતે એમના પિતા સંસ્કૃત વાંચવામાં તલ્લીન હતા. પુસ્તકને જોતાં જ બાળ રાજીના રેડ થઈ ગયા. એમણે એ પુસ્તક વાંચવા માટે માગણી કરી. એમની ઉંમર એ વખતે ફક્ત બાર વરસની હતી. તે કાદંબરી પુસ્તકને કેમ સમજશે ? આવું વિચારી એમના પિતાએ એમને એક દાખલો ગણવા આપ્યો. એમની એવી ગણતરી હતી કે બાળક દાખલો ગણવામાં વ્યસ્ત બની જશે. એ કાદંબરીને ભૂલી જશે.

પરંતુ બાળે તો તે દાખલો ફક્ત દશ મિનિટમાં જ ગણી કાદંબરી વાંચવા લઈ લીધું.

પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને ટિળક અંગ્રેજી શાળામાં દાખલ થયા. આ સમયે એમની માતાનું અવસાન થયું. હવે એમની સંભાળ કાકા–કાકીએ લેવા માંડી.



શાળાજીવન દરમિયાનનો એક પ્રસંગ ખૂબ જાણીતો છે. શાળામાં વિશ્રાંતિનો સમય હતો. બાળના મિત્રોએ મગફળી ખાઈ ફોતરાં વર્ગમાં નાખેલાં. શિક્ષકે જોયું તો વર્ગમાં ઠેર ઠેર ફોતરાં પડયાં હતાં. આ જોઈને શિક્ષકનો પિત્તો ગયો. એમણે કશી તપાસ કર્યા વિના તમામ વિદ્યાર્થીઓને ફોતરાં વીણી લેવા હુકમ કર્યો. એક બાળે જ શિક્ષકના હુકમનો અનાદર કર્યો. શિક્ષકે પૂછતાં એમણે જવાબ આપ્યો : 'મેં ફોતરાં નાખ્યાં નથી પછી શા માટે લઉં ?'

એક વખત વર્ગમાં શિક્ષકે લેખન લખાવ્યું. તેમાં સંત શબ્દ ત્રણવાર આવતો હતો. બાળે 'સંત', 'સન્ત' અને 'સન્‌ત' લખ્યું. શિક્ષકે પ્રથમ જોડણી રાખી, બાકીની બેને ખોટી ઠરાવી. આ વાત આચાર્ય પાસે પહોંચી. આચાર્યે બાળને સાચો ઠરાવ્યો.

તન મજબૂત, મન મજબૂત તો દુશ્મન રફુચક્કર

બાળ ગંગાધર **માધ્યમિક** શાળામાં દાખલ થયા. એમને હોસ્ટેલમાં રહેવાનું થયું. કુલકર્ણી એમનો રૂમ–પાર્ટનર હતો. તે ફેશનેબલ હતો. એને તૈયાર થતાં પૂરો એક કલાક લાગે. બંને વચ્ચે આ બાબત અવારનવાર ચર્ચા ચાલે. કુલકર્ણી ટિળકને ગામડિયો માને. એક વખત ટિળકે કહ્યું, 'કુલકર્ણી, ખોટા ભભકા કરવાથી વટ ના પડે. તન ને મન જો મજબૂત હોય તો જ સમાજમાં વટ પડે. દુશ્મનો જોઈને ભાગે. માટે શરીરને કેળવ.'

ટિળકની શાણપણભરી વાતને કુલકર્ણીએ મજાકમાં ઉડાડી દીધી. એ મનોમન **બબડ્યો** ખરો : 'ખરો ગામડિયો છે.'

એક દિવસની વાત છે. કુલકર્ણી ઘડિયાળ, સોનાની ચેઈન પહેરીને શાળાએ જતો હતો. ટિળક એની પાછળ હતો. એવામાં માર્ગ નિર્જન આવ્યો. કલકર્ણીને ચાર મવાલીઓએ ઘેર્યો. એની પાસેથી ઘડિયાળ અને **ચેઈન** પડાવવા લાગ્યા. કુલકર્ણી મદદ માટે બૂમો પાડવા લાગ્યો ટિળક ઝપાટાબંધ ત્યાં પહોંચી ગયો. એમના ખડતલ શરીરે ચોરને મેથીપાક આપ્યો. ચારે મવાલીઓ ભાગી ગયા. કુલકર્ણીએ બાળનો હાથ પકડીને આભાર માન્યો. આંસુ સાથે તે બોલ્યો : 'મિત્ર, તારી વાત આજે મને સમજાઈ છે. હવે હું કસરત કરી મારું શરીર કેળવીશ. મારા શરીરને ટાપટીપ ને એદીપણામાં મેં ગુમાવ્યું. હવે હું ટાપટીપને તિલાંજલી આપી તારી જેમ શરીરને મજબૂત ને ખડતલ બનાવીશ.'

ટિળક મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં ભણતા હતા તે વખતે અંગ્રેજ પ્રોફેસર હેથોર્નવેટ ગણિત શીખવતા હતા. વર્ગમાં એક વિદ્યાર્થીએ એક અઘરો દાખલો એમને પૂછ્યો. પ્રોફેસર ગૂંચવાઈ ગયા. એમણે બીજા દિવસનો વાયદો કર્યો. સ્ટાફરૂમમાં એમણે એ દાખલો અન્ય **અધ્યાપકોને** બતાવ્યો પણ કોઈને તે સમજાયો નહીં.

બીજા દિવસે પ્રોફેસર દાખલો ગણ્યા વિના ખૂબ ચિંતામાં કોલેજમાં આવ્યા. વર્ગમાં આવીને એમણે જોયું તો પાટિયા પર એ દાખલો પદ્ધતિસર ગણાયેલો હતો. દાખલો સાચો હતો. તેઓ ચકિત બની ગયા. જ્યારે એમને ખબર પડી કે આ દાખલો તેમના શિષ્ય ટિળકે ગણ્યો છે ત્યારે એમની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

આમ બાળપણથી જ તેઓ નિર્ભય અને તેજસ્વી હતા.

**– પોપટલાલ મંડલી**

■